Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ શ્રી શત્રુંજય તીર્થાધિરાજાય નમો નમઃ ॥

શ્રી

# સિદ્ધાચલજીના શ્લોકો

યાને

## તીર્થ દર્શન સ્તવન

ચૈત્રી પૂનમને દિવસે
આ શ્લોકોનું અવશ્ય વાંચન કરવું.

આ પુસ્તકનું વાંચન કરો
અને
દરરોજ ઘેર બેઠાં યાત્રા કરો

છપાવી પ્રગટ કરનાર

જયંતીલાલ ભગવાનદાસ શાહ (ભાવનગરવાળા)

૪૨, રીઝ રોડ, પુરબ એપાર્ટમેન્ટ, ફલેટ નં. ૧૪,
વાલ્કેશ્વર - મુંબઈ - ૪૦૦ ૦૦૬.
ફોન નં. ૩૬૨૫૪૫૭ ■ ૩૬૨૦૯૧૬

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જયંતીલાલ ભગવાનદાસ શાહ ભાવનગરવાળા



તેઓ આપબળે આગળ વધ્યા, તેમનો સ્વભાવ ખુબજ મીલનસાર અને રમુજી હતો તેઓ કોઈપણનું કામ કરી આપવા હંમેશા તત્પર રહેતા ચાર પુત્રો અજીતભાઈ, હરેશભાઈ, નરેશભાઈ તથા મુકેશભાઈ, તથા દીકરીઓ મીનાક્ષીબેન તથા કુંજલબેન ને સારા સંસ્કાર આપ્યા, તેમને તથા પત્નિ વસંતબેનને વિલાપ કરતા મુકીને તા. ૫-૧-૮૯ના રોજ ચીર વિદાય લીધી પ્રભુ તેઓશ્રીના આત્માને શાશ્વત શાંતી અર્પે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી શત્રુંજય મહાતીર્થને મારી કોટી કોટી વંદના.

પ્રભુ સન્મુખ બોલવાની સ્તુતિ

પ્રભુજી તારી ભક્તિ અખંડ હોજો, ભવોભવમાં તારો સાથ હોજો,
લાખ ચોરાશીમાં હું અથડાયો, આઠ કર્મોમાં હું ઝડપાયો. ૧
જન્મ મરણના ફેરા ટાળો, ભવસાગરથી પાર ઉતારો,
ભવોભવમાં તારૂ શરણ હોજો, સમાધિ મરણની પ્રાપ્તિ હોજો. ૨
આ સંસારે ડુબી રહ્યો છું, નથી કિનારો જડતો,
સુમતિ આપો કુમતિ કાપો, ભવથી જલ્દી ઉગારો. ૩
કેટલા ભવ મેં કીધા પ્રભુજી, કેટલા ભવ હજે કરશું,
તારા જેવાનું શરણ પામીને, જલ્દી ભવથી તરશું. ૪
અનંત ભવનો હું દુઃખીયારો આવ્યો છું તારા શરણે,
મહેર કરી મને ભવથી તારો, દિલમાં એકજ આશા. ૫
અંતર દૃષ્ટિ એકજ મારે, તાહરુ શરણ ચાહું,
મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લઈને, કર્મો સઘળાં ખપાવું. ૬
ભક્તિ કરતા છુટે મારા પ્રાણ, પ્રભુજી એ હું માગું છું.
ભવોભવ તારો સાથ રહે દાદા, એ હું માગું છું. ૭

## ધ્યાનમાં આપવા જેવી બાબતો

★ ચૈત્રી પુનમના દેવ વાંદતી વખતે આ સલોકાનું અવશ્ય વાંચન કરવું.

★ આ પુસ્તિકાની આશાતના ન થાય તેની કાળજી રાખો અને ધાર્મિક પુસ્તકો સાથે જ આ પુસ્તિકાને રાખવી.

★ આજે શહેરોમાં ઘેર ઘેર ગેસના ચુલા વપરાય છે, પણ તેના બર્નલમાં વાંદા જેવી જીવાતો પેસી ગઈ હોય છે, એટલે બર્નલને હાથમાં લઈ જોરથી ફુંક મારશો તો જ ભરાઈ રહેલ જીવાત બહાર નીકળશે આ અમારો જાત અનુભવ છે જીવદયાની જયણા માટે સવારે ઉઠી ને આટલું જરૂર કરો.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વસંતબેન



નાનપણથી જ ધર્મના સંસ્કારો તેમના પિતાશ્રી તથા માતુશ્રી પાસેથી મેળવ્યા તેમના પીતાશ્રી તથા માતુશ્રીએ દીક્ષા અંગીકાર કરી હતી તેમનો સ્વભાવ ખુબ માયાળુ છે. તેમના પરીચયમાં આવનાર દરેક વ્યકતીને તેમના માટે સાલસ સ્વભાવનો અનુભવ થાયજ એવા વસંતબેન ને તંદુરસ્તી ભર્યું લાંબુ આયુષ્ય ભોગવે એવી પરમ કૃપાળુ પરમાત્મા પાસે પ્રાર્થના.

ૐ હ્રીં શ્રી સિદ્ધાચલજી નમો નમઃ
ૐ હ્રીં શ્રી પુંડરીકગિરિ નમો નમઃ
ૐ હ્રીં શ્રી શત્રુંજયગિરિ નમો નમઃ
ૐ હ્રીં શ્રી કંચનગિરિ નમો નમઃ
ૐ હ્રીં શ્રી આદિનાથાય નમો નમઃ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી ઋષભદેવનું ચૈત્યવંદન

શોના રૂપાના ફુલડે, સિદ્ધાચલ વધાવો;
ધ્યાન ધરો દાદાતણું, આનંદ મનમાં લાવો. ૧
પૂજાએ પાવન થયા, અમ મન નિર્મળ છેહ;
રચના રચું શુભ ભાવથી, કરૂં કર્મનો છેહ. ૨
અભવ્યને દાદા વેગળા, ભવીને હૈડે હજુર;
તન મન ધ્યાન એક લગનથી, કીધાં કર્મ ચકચૂર. ૩
કાંકરે કાંકરે સિદ્ધિ થયા, સિદ્ધ અનંતનું ઠામ;
શાશ્વત ગિરિરાજ જિનરાજ પૂજતાં જીવ પામે વિશ્રામ. ૪
દાદા દાદા હું કરૂં. દાદા વસીયા દૂર;
દ્રવ્યથી દાદા વેગળા, ભાવથી હૈડે હજુર. ૫
દુષમ કાલે પૂજતાં, ઇન્દ્ર ધરી બહુ પ્યાર;
તે પ્રતિમાને વંદના, શ્વાસમાંહી સો વાર. ૬
રાયણ પગલે પૂજતાંએ, રત્ન પ્રતિમા ઇન્દ્ર;
જયોતિમાં જયોતિ મીલે પૂજે મીલે ભવિસુખ. ૭
રિદ્ધિ સિદ્ધિ ઘર સંપજેએ, પહોંચે મનની આશ;
ત્રિકરણ શુધ્ધે પૂજતાં, જ્ઞાનવિમલ પ્રકાશ. ૮

### શ્રી નવકાર મહામંત્ર

નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં, નમો આયરિયાણં, નમો ઉવજ્ઝાયાણં, નમો લોએ સવ્વસાહૂણં, એસો પંચ નમુકકારો સવ્વપાવપ્પણાસણો, મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હવઇ મંગલં

### શ્રી અથઃ પંચિદિય

પંચિદિય સંવરણો, તહ નવવિહબંભચેર ગુત્તિધરો,
ચઉવિહકસાયમુક્કો ઇઅઠારસગુણેહિં સંજુત્તો. ૧
પંચમહવ્વયજુત્તો, પંચવિહાયારપાલણસમત્થો,
પંચસમિઓ તિગુત્તો, છત્તીસ ગુણે ગુરૂ મજઝ. ૨

For Private and Personal Use Only

## શ્રી સિદ્ધાચલજીનો સલોકો યા તીર્થદર્શન સ્તવન

પૂ૦ આચાર્યદેવ શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની આજ્ઞાથી છપાવી પ્રગટ કરનાર શ્રી ગુણવંતીબેન મોહનલાલ કોઠારીએ સંવત ૨૦૨૭નું ચોમાસુ ગિરિરાજની પવિત્ર છાયામાં કર્યું, તેની આરાધના નિમિત્તે ૧૩મી આવૃત્તિ આજે છપાય છે.

સરસ્વતી માતા તુમ પાયે લાગું,
દેવગુરૂતણી આજ્ઞા રે માગું.
શ્રી સિદ્ધાચલ કેરો કહેશું સલોકો,
નવાણું યાત્રા કરો ભવિ લોકો.
શત્રુંજય મહાતમમાં લખ્યું ઘણું ઘણું,
એક જીભે કેટ - કેટલુંક વર્ણવું.
શ્રી ધનેશ્વરસૂરીશ્વર પાસે અલ્પમતિ,
મમ જીહ્વાયે વસજો માતા સરસ્વતી

પ્રભુજી જાવું પાલીતાણા શહેર કે મન હરખે ઘણું રે લોલ
પ્રભુજી આવ્યું પાલીતાણા શહેર કે તળેટી શોભતી રે લોલ
પ્રભુજી સોનાં - રૂપાના ફુલડે ગિરિરાજ વધાવું રે લોલ
પ્રભુજી થાળ ભરી ભરી મોતીડે ગિરિરાજને વધાવું રે લોલ
પ્રભુજી ગિરિવરીએ ચડંતા, મન હરખે ઘણું રે લોલ.... ૧
પ્રભુજી આવી ધનવશી ટુંક કે બાબુના દેહરે આવું રે લોલ
પ્રભુજી રત્નના ભગવંત કે સહસ્રકુટ ભગવંતો નમું રે લોલ
પ્રભુજી સુવર્ણમંદિરને જલમંદિર મહાવીર ભગવંતો નમું રે લાલ
પ્રભુજી મૂળનાયક આદીશ્વરજી કે ક્રોડો મારા દર્શન હોજો રે લોલ.... ૨
પ્રભુજી બે બાજુ બે પાર્શ્વનાથ કે ચંદ્રપ્રભુ ભગવંત નમું રે લોલ
પ્રભુજી મંડપમાં ભગવંતો જોઈ હું તો દર્શન કરૂં રે લોલ
પ્રભુજી ભમતીમાં ભમું કે ભવદુઃખ કાપજો રે લોલ
પ્રભુજી જ્યાં જ્યાં જિન ભગવંતો કે ક્રોડો મારા દર્શન હો જો રે લોલ.... ૩
પ્રભુજી આવ્યા સિદ્ધચક્રજી કે દર્શન કરી પાવન થાઉં રે લોલ

પ્રભુજી ગિરિવરીએ ચડતાં કે મન હરખે ઘણું રે લોલ
પ્રભુજી જમણા હાથે સરસ્વતીદેવી વિદ્યા આપજો રે લોલ
પ્રભુજી આવ્યા ભરત દેવના પગલાં, દર્શન અમે કર્યો રે લોલ.... ૪
પ્રભુજી આવ્યા નેમનાથજીના પગલાં કે દર્શન કરી પાવન થાઉરે લોલ
પ્રભુજી આવ્યા હિંગળાજ હડો કે કેડે હાથ દઈ ચડો રે લોલ
પ્રભુજી આવ્યા હનુમાન હડો નવે ટુંકે ચાલો રે લોલ
પ્રભુજી આવી પહેલી ટુંક અભિનંદન ભગવંત નમું રે લોલ
પ્રભજી શાંતિજિન ચંદ્રપ્રભજી કે મારુદેવી માતાજી નમુ રે લોલ.... ૫
પ્રભજી ધન્ય ધન્ય મારૂદેવી માતાજી કે જેનીકુખે રતનપાકયા રે લોલ
પ્રભજી ચૌમુખજી દેખું ને આનંદ ઉલ્લેસે રે લોલ
પ્રભજી ભમતીમાં ભમું કે પાપ નિવારજો રે લોલ
પ્રભજી ભમતીમાં આદીશ્વરજી
અજીતનાથજી પુંડરિકજીના દર્શન કરૂં રે લોલ
પ્રભુજી જયાં જયાં જિન ભગવંતો કે
ક્રોડો મારા દર્શન હોજો રે લોલ
પ્રભુજી આવ્યા બીજી ટુંકે આદિશ્વરજી ભગવંતનમું રેલોલ.... ૬
પ્રભુજી નેમનાથજી અજિતનાથજી શાંતિનાથ ભગવંતનમુ રે લોલ
પ્રભુજી નંદિષેણસૂરીશ્વરે અજિતશાંતિની તિહાં રચના કરી રે લોલ
પ્રભુજી આવ્યા ત્રીજી ટુંક કે ચિંતામણી પાર્શ્વ પ્રભુ રે લોલ
બે બાજુ બે દહેરાસર તેમાં જિન ભગવંતો નમું રે લોલ
પ્રભુજી ભમતીમાં ભમું કે પાપ નિવારજો રે લોલ
પ્રભુજી આવ્યા પાંડવ દેખું ને સહસ્રકુટ ભગવંત નમુ રે લોલ
પ્રભુજી આવ્યા ચોથી ટુંક કે નંદીશ્વરદ્વીપ નમું લોલ
પ્રભુજી બસો અઠાવીસ તીર્થંકરો બાવન જિનાલય નમું રે લોલ
પ્રભુજી ભમતીમાં ભમું કે, ભવઃદુખ કાપજો રે લોલ
પ્રભુજી આવ્યા પાંચમી ટુંક કે અજીતનાથ ભગવંત નમું રે લોલ
પ્રભુજી ભમતીમાં ભમું કે પાપ નિવારજો રે લોલ
બે બાજુ બે દેરાસર પુંડરીકજીનાં દર્શન કરૂં રે લોલ.... ૮
પ્રભુજી આવ્યા છઠી ટુંક કે આદીશ્વર ભગવંત નમું રે લોલ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રભુજી ભમતીમાં ભમુ કે પાપ નિવારજો રે લોલ
પ્રભુજી દેરાણી જેઠાણીના ગોખલા કે પાર્શ્વનાથ ભગવંત નમું રે લોલ
પ્રભુજી પાર્શ્વજિન ભગવંત અરબીસમુદ્રમાંથી પ્રગટ થયા રે લોલ
પ્રભુજી આવ્યા માણેકબાઈ મટકો કરી બેસી ગયા રે લોલ ૯
પ્રભુજી આવ્યા અદબદજી દાદાકે આશ્ચર્યકારક ભગવંત નમું રે લોલ
પ્રભુજી સાતમી બાલાભાઈ ટુંક કે આદીશ્વર ભગવંત નમું રે લોલ
પ્રભુજી ચારબાજુ ચાર દેરાસર કે પુંડરીકજી ગણધર ઝારું રે લોલ
પ્રભુજી આઠમી મોતીશાની ટુંક કે ધન્યધન્ય મોતીશા શેઠ રે લોલ
પ્રભુજી સોળ શિખરબંધી દેરાસરો કે ક્રોડો મારા દર્શન હોજો રે લોલ
પ્રભુજી આવી મોતી વસહી ટુંક કે સામા મોતી વસે રે લોલ
પ્રભુજી મોતીડા દીઠે ઝાકળમાળ કે જોયાની જુકતી બની રે લોલ
પ્રભુજી પહેલી ભમતી ફરૂં કે મૂજ પાપ નિવારજો રે લોલ
પ્રભુજી નાભિરાજા મારુદેવી માતા કે ખોળે ઋષભ બેટડો રે લોલ ૧૧
પ્રભુજી પુંડરીકજી ગણધરજી દેખું કે આનંદ ઉલ્લસે રે લોલ
પ્રભુજી આઠમી ટુંક મુળનાયક આદીશ્વરજીમેં તો દર્શન કર્યા રે લોલ
પ્રભુજી ધન્ય ધન્ય તારી ઠકુરાઇ કે દિસે આનંદ ઘણો રે લોલ
પ્રભુજી માણેકના સાથીયા કે રત્નના ભગવંતો નમું રે લોલ ૧૨
પ્રભુજી નવમી દાદાજીની ટુંક કે દર્શન કરવાનો ઉમંગ ઘણો રે લોલ
પ્રભુજી આવી વાઘણ પોળ કે હામા ચક્રેશ્વરીજી રે લોલ
પ્રભુજી ચક્રેશ્વરી જિનશાસન રખેવાળ કે સંઘને સહાય કરે રે લોલ
પ્રભુજી શાંતિજિન ભગવંતજી કે શાંતિ આપજો રે લોલ ૧૩
પ્રભુજી શાંતિનાથજીને સામે કે પાંચે તીરથ નમું રે લોલ
આબુ અષ્ટાપદ ગિરિનાર, સમેતશિખર શત્રુંજય સાર,
પાંચ તીરથ ઉત્તમ ધામ, સિદ્ધ થયા તેને કરૂં પ્રણામ
પ્રભુજી ત્રણ ગઢના દેરાસરે સમોવરસણમાં ચોમુખજી નમું રે લોલ
પ્રભુજી શત્રુંજય રખવાળ કે કવડજક્ષ દેવ આવ્યા રે લોલ
પ્રભુજી નેમનાથની ચોરી કે પુન્ય પાપની બારી આવી રે લોલ ૧૪
પ્રભુજી અમીઝરા પાર્શ્વનાથ ભગવંત અમીરસ આપજો રે લોલ
પ્રભુજી આવ્યા મોટા આદેશ્વર કે દર્શન મેં કર્યા રે લોલ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રભુજી કપડવંજના દહેરાસરમાં મેં તો દર્શન કર્યા રે લોલ
પ્રભુજી સો સ્તંભના પ્રાસાદે ચૌમુખજી ભગવંત નમું રે લોલ
પ્રભુજી આવ્યા કુમારપાળના દહેરે કે આદેશ્વર ભગવંત રે લોલ
પ્રભુજી જ્યાં જ્યાં જિન ભગવંતોજી,
કોડો મારા દર્શન હોજો રે લોલ ૧૫
પ્રભુજી આવ્યા સુરજકુંડ કે નિર્મળ જળ ભર્યા રે લોલ
પ્રભુજી આવ્યા હાથીપોળે કે સામે જગત ધણી રે લોલ
પ્રભુજી આવ્યા રતનપોળ કે મંડપ રળિયામણો રે લોલ
પ્રભુજી આવ્યો મૂળ ગભારો કે આદેશ્વરજી ભેટીયા રે લોલ ૧૬
આદિશ્વરને ભેંટતા ભવદુઃખ જાય કે શિવસુખ આપજો રે લોલ
પ્રભુજીનું મુખડું પૂનમ કેરો ચંદ્ર કે મોહ્યા સુરપતિ રે લોલ
પ્રભુજીને દેખી દર્શન કરૂં કે મારી આંખો ઠરે રે લોલ
પ્રભુજી અષ્ટકારી પૂજા કરી ભાવિ ચૈત્યવંદન કરૂં રે લોલ ૧૭
પ્રભુજી તમથી નહીં રહું દૂર કે જઇ ગિરિ પંથે વસ્યા રે લોલ
પ્રભુજી ડાબા સહસ્રકુટ ભગવંતો કે મારા કોડો દર્શન હોજો રે લોલ
પ્રભુજી આવ્યા નવા આદેશ્વરજી કે પૂજન મેં કર્યા રે લોલ
પ્રભુજી પાંચ મોટા ભગવંત કે પરમેષ્ટી ભગવંતો નમું રે લોલ ૧૮
પ્રભુજી સુમતિનાથ ભગવંત સારી મતિ આપજો રે લોલ
પ્રભુજી બાલબ્રહ્મચારી નેમજી કે દર્શન કરી પાવન થાઉં રે લોલ
પ્રભુજી મેરૂ ઉપર ચાર ભગવંત કે ચૌમુખજી અતિ ભલા રે લોલ
પ્રભુજી ગોળાકારે સમેતશિખર વીસ તીર્થંકરો નમું રે લોલ ૧૯
પ્રભુજી વીસ વિહરમાન જિન વંદુ કે,
મહાવિદેહક્ષેત્ર સોહામણું રે લોલ
પ્રભુજી અમને મહાવિદેહક્ષેત્ર બોલાવજો.
જરૂર કેવલજ્ઞાન આપજો રે લોલ
પ્રભુજી આવ્યા અષ્ટાપદ ચોવીસ તીર્થંકર નમું રે લોલ
પ્રભુજી મંદોદરી નાચંતા રાવણે, તીર્થંકરપદ અષ્ટાપદે બાંધ્યું રે લોલ
પ્રભુજી ચૌમુખજી પગલાંઓના મેં તો દર્શન કર્યા રે લોલ ૨૦
પ્રભુજી આવ્યા રાયણ પગલાં ભગવંત પૂર્વ નવાણું સમોસર્યા રે લોલ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રભુજી ભરતે ભરાવેલ રત્ન પ્રતિમા રાયણ નીચે ઈંદ્રો પૂજતા રે લોલ
પ્રભુજી આવ્યા નમિવિનમિ ભરત બાહુબળજી રે લોલ
પ્રભુજી વિજય શેઠ શેઠાણી ચોવીસ તીર્થંકર નમું રે લોલ ૨૧
પ્રભુજી આવ્યા ચૌદરતનના મંદિરે ભગવંત પૂજન મેં કર્યા રે લોલ
પ્રભુજી આવ્યા ચમત્કારીક ભગવંત કે શામળા આદેશ્વર નમુ રે લોલ
પ્રભુજી આવ્યા ગણધર પગલા કે વંદન મેં કર્યા રે લોલ
પ્રભુજી આવ્યા સીમંધર પ્રાસાદ કે ભગવંતનાં પૂજન હું કરૂં રે લોલ
પ્રભુજી ત્રણ પાર્શ્વનાથજી ભગવંતો મુખડું સોહામણું રે લોલ
પ્રભુજી શાન્તિનાથજી ચૌમુખજી કે શાંતિ આપજો રે લોલ
પ્રભુજી આવ્યા પુંડરીક ગણધરજી દીસે આનંદ અતિઘણો રે લોલ
પ્રભુજી પુંડરીક ગણધરજી પાંચ ક્રોડ સાથે મોક્ષ ગયા રે લોલ ૨૩
પ્રભુજી ઉપર સર્વ ચૌમુખજી કે સર્વે ભગવતો નમું રે લોલ
પ્રભુજી નવા દેરાસરજીમાં બાવન જિનાલયને
મૂળનાયકજીનાં દર્શન કરૂં રે લોલ
૧પ્રભુજી પહેલી ભમતીમાં ફરૂં કે પાપ નિવારજો રે લોલ
૧પ્રભુજી બીજી ભમતીમાં ફરૂં કે ભવદુઃખ કાપજો રે લોલ ૨૪
૧પ્રભુજી ત્રીજી ભમતીમાં ફરૂં કે મોક્ષસુખ આપજો રે લોલ
પ્રભુજી શેત્રુંજી નદી નાહીને પ્રભુજીને પ્રક્ષાલ કરૂં રે લોલ
પ્રભુજી આવ્યા ઘેટી પગલાં ભાવે ચૈત્યવંદન કરૂં રે લોલ

---

૧ અહીં ત્રણ ભમતીની પ્રદક્ષિણાના ત્રણ ખમાસમણા દેવાં.

પ્રભુજી દોઢ ગાઉ, ત્રણ ગાઉ, છ ગાઉની ફેરી ફરૂં રે લોલ ૨૫
પ્રભુજી આવ્યો હું કદંબગિરિજી ત્રણે
ચોવીસીના તીર્થંકરો નમું રે લોલ
પ્રભુજી આવ્યો હસ્તગિરિ ચોવીસે તીર્થંકરો નમું રે લોલ
પ્રભુજી આવ્યો હું ભાવનગર દાઠા ને,
ઘોઘામાં નવખંડા જિનભગવંતો નમું રે લોલ
પ્રભુજી આવ્યો મહુવા તળાજા, જિનભગવંતો નમું રે લોલ
પ્રભુજી આવ્યો હું ગિરનારજી કે નેમનાથ ભગવંતો નમુ રે લોલ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રભુજી બાલબ્રહ્મચારી નેમજી કે દર્શન કરી પાવન થાઉં રે લોલ
પ્રભુજી ગિરનારજીમાં જયાં જયાં જિન ભગવંતો
ત્યાં ત્યાં ક્રોડો મારા દર્શન હોજો રે લોલ
પ્રભુજી આવ્યો મધુવનમાં કે ચોવીસે તીર્થંકરો રે લોલ
પ્રભુજી આવ્યો સમેતશિખરજી માં વીસે બીસ તીર્થંકરોને મારા
કોડો કોડો નમો જિણાંણં હોજો રે લોલ
કે વીસ તીર્થંકરોનમું રે લોલ ૨૬
પ્રભુજી આવ્યો ક્ષત્રિયકુંડ મહાવીર સ્વામીજી,
વિમલનાથજી નમું રે લોલ
પ્રભુજી આવ્યો રાજગૃહી અયોધ્યામાં,
ચોવીશ તીર્થંકરો નમું રે લોલ
પ્રભુજી આવ્યો ચંપાપુરી વાસુપુજયજી ભગવંત નમું રે લોલ
પ્રભુજી આવ્યો પાવાપુરી મહાવીરસ્વામીજી નમું રે લોલ
પ્રભુજી આવ્યો કુલપાકજી કે માણેકસ્વામીજી
મહાવીરસ્વામીજી નમું રે લોલ
પ્રભુજી આવ્યો નાણા-દિયાણામાં,
મહાવીરસ્વામી ભગવંત નમું રે લોલ
પ્રભુજી આવ્યો ચિતોડગઢ ને નાગેશ્વરમાં
ચોવીસ તીર્થંકરો નમું રે લોલ
પ્રભુજી આવ્યો તારંગાજી અજિતનાથજી ભગવંત નમું રે લોલ ૨૭
પ્રભુજી આવ્યો કચ્છ ભદ્રેશ્વર, ચોવીસ તીર્થંકરો નમું રે લોલ
પ્રભુજી આવ્યો આબુ ગિરિરાજજી કે પાંચે તીરથ જુહારૂં રે લોલ
પ્રભુજી આવ્યો અચલગઢજી કે સોનાના ભગવંતો નમું રે લોલ
પ્રભુજી આવ્યો રણકપુરજી ત્રૈલોકયદીપકને
મારવાડનાં પાંચે તીર્થ જુહારૂં રે લોલ
પ્રભુજી આવ્યો જેસલમેર હજારો જિન ભગવંતો નમું રે લોલ ૨૮
પ્રભુજી આવ્યા નાકોડા પાર્શ્વનાથજી કે,
કાપરડાજીમાં ચારે માળે ચૌમુખજી નમું રે લોલ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રભુજી આવ્યો કેસરીયાજી, શામળા આદીશ્વરજી નમું રે લોલ
પ્રભુજી આવ્યો ઉદેપુર કે આવતી ચોવીસીના,
પ્રથમ તીર્થંકર પદ્મનાભજી નમું રે લોલ
પ્રભુજી આવ્યો જીરાવલા કે એકસો આઠ પાર્શ્વનાથ નમુ રે લોલ
પ્રભુજી ભોયણી પાનસર સેરીસા જિન ભગવંતો નમું રે લોલ
પ્રભુજી મહુડીમાં પદ્મપ્રભુ મહેસાણામાં શ્રી સીમંધરજી નમું રે લોલ
પ્રભુજી આવ્યો કાવી, ગંધાર, ઝઘડીયાની જાત્રા કરું રે લોલ ૨૯
પ્રભુજી આવ્યો શંખેશ્વરજી પાર્શ્વનાથ ભગવંત પૂજવા રે લોલ
પ્રભુજી આવ્યો વરકાણા સ્થંભન, અંતરીક્ષ પાર્શ્વનાથજી કે
પાટણમાં જિન ભગવંતો નમું રે લોલ
પ્રભુજી દિલ્હીમાં દાદાવાડી, શત્રુંજય મહાતીરથ નમું રે લોલ
પ્રભુજી હસ્તિનાપુરમાં આદેશ્વર ભગવંત નમું રે લોલ
પ્રભુજી સીરોહી રાજસ્થાન કે,
ચોવીસ તીર્થંકરોને નમુ રે લોલ
પ્રભુજી આવ્યો માંડવગઢજી મોહનખેડા,
લક્ષમણીજીની જાત્રા કરું રે લોલ
પ્રભુજી આવ્યો રાજનગર (અમદાવાદ) કે,
તમામ દેરાસરોએ દર્શન કરૂં રે લોલ
પ્રભુજી સાબરમતીમાં શાંતિનાથજી અદબદજીને સમેતશિખર
પાર્શ્વ પ્રભુજી નમું રે લોલ
પ્રભુજી ચિંતામણી, શંખેશ્વર, ગોડીજી પાર્શ્વનાથ
મુનિસુવ્રત સ્વામી ભગવંત નમું રે લોલ
પ્રભુજી દુનિયાભરમાં જ્યાં જ્યાં જિન ભગવંતો,
ત્યાં ત્યાં મારા કોડો દર્શન હોજો રે લોલ,
પ્રભુજી આકાશ-પાતાળ ભૂમિ જ્યાં જ્યાં શ્રી જિન અરિહંતે
ત્યાં ત્યાં મારા ક્રોડો દર્શન હોજો રે લોલ ૩૦
પ્રભુજી લાખો ભગવંતોને, મારા ક્રોડો-ક્રોડો વંદન હોજો રે લોલ
પ્રભુજી ગુણીયલ જૈનો ભાવે જાત્રા કરે લોલ,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રભુજી જાવું પાલીતાણા શહેર કે મન હરખે ઘણું રે લોલ,
એવી વીરવિજયની જોડ કે શિવસુખ આપજો રે લોલ
પ્રભુજી એવી વીરવિજયની જોડ કે મોક્ષસુખ આપજો રે લોલ ૩૧

**કળશ**

જે કોઇ આ તીર્થસ્મરણ યાત્રા ભણશે સાંભળશે.
તે શ્રી સિદ્ધચલની નવે ટુંકની ભાવયાત્રા કરશે.
તે તમામ તીર્થોના દર્શન કરીને ભવના પતિક ગાળશો.
શ્રી નવ નવકાર ગણીને યાત્રાનું ફળ મેળવશો જ.

---

અહીં નવ નવકાર ગણવા. શ્રી વીરવિજયજીની પાંચ ગાથાનું સ્તવન આ સિદ્ધાચલજીના સલોકોમાં સમાયેલું છે.

---

## શ્રી સિદ્ધાચલજી મહાતીર્થના

# નવ ખમાસમણના દુહા

એકેકુ ડગલું ભરે, શેત્રુંજા સામું જેહ,
ઋષભ કહે ભવ ક્રોડનાં કર્મ ખપાવે તેહ ૧
સિદ્ધાચલ સમરૂં સદા, સોરઠ દેશ મોઝાર,
મનુષ્ય જન્મ પામી કરી, વંદુ વાર હજાર ૨
સોરઠ દેશમાં સંચર્યો ન ચઢયો ગઢ ગિરનાર
શત્રુંજી નદી નાહ્યા નહીં, એનો એળે ગયો અવતાર ૩
શેત્રુંજી નદીમાં નાહીને, મુખ બાંધી મુખકોશ.
દેવ યુગાદિ પૂજીએ, આણી મન સંતોષ, ૪
શેત્રુંજા સમો તીરથ નહિ ઋષભ સમો નહિ દેવ,
ગૌતમ સરિખા ગુરૂ નહિ, વળી વળી વંદુ તેહ. ૫
જગમાં તીરથ દો વડા, શત્રુંજય ગિરનાર
એક ગઢ ઋષભ સમોસર્યા એક ગઢ નેમકુમાર ૬
સિદ્ધાચલ સિદ્ધ વર્યા, મુનિવર કોડી અનંત,
આગે અનંતા સિદ્ધશે, પુજો ભવિ ભગવંત ૭
શત્રુંજયગિરિ — મંડણો. મરૂદેવાનો નંદ,
યુગલાધર્મ નિવારકો, નમો યુગાદિ જિણંદ ૮
તન મન ધન સુત વલ્લભા સ્વર્ગાદિ સુખ ભોગ;
વળી વળી એ ગિરિવંદતા, શિવરમણી સંયોગ ૯

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# હૃદયવીણાના તાર ઝણઝણાવી દેતી સ્તુતિઓ

(રાગઃમંદિર છો મુક્તિ તણા)
સામુહિક રીતે ઝીલાવવાની

હે પ્રભુ ! આનંદદાતા, જ્ઞાન હમકો દીજીએ;
શીઘ્ર સારે અવગુણોકો, દૂર હમસે કીજીએ,
લીજીએ હમકો શરણમેં હમ સદાચારી બને,
બ્રહ્મચારી ધર્મરક્ષક, વીરવ્રતધારી બને.........૧
હે દેવ ! તારા દિલમાં, વાત્સલ્યનાં ઝરણાં ભર્યા,
હે નાથ ! તારા નયનમાં, કરૂણા તણાં અમૃત ભર્યા,
વીતરાગ તારી મીઠી મીઠી, વાણીમાં જાદુ ભર્યા,
તેથી જ તારા ચરણમાં, બાળક બની આવી રહ્યા...........૨
સંસાર ઘોર અપાર છે, તેમાં ડુબેલા ભવ્યને
હે તારનારા નાથ શું, ભુલી ગયા નિજ ભકતને,
મારે શરણ છે આપનું નવી ચાહતો હું અન્યને,
તો પણ પ્રભુ મને તારવામાં, ઢીલ કરો શા કારણે ........૩
બહુ કાળ આ સંસાર ! સાગરમાં પ્રભુ હું સંચર્યો,
થઇ પુણ્યરાશિ એકઠી, ત્યારે જિનેશ્વર તું મળ્યો;
પણ પાપકર્મ ભરેલ મેં, સેવા સરસ નવ આદરી,
શભયોગને પામ્યા છતાં મેં, મૂર્ખતા બહુએ કરી ........૪
હે ! ત્રણ ભુવનના નાથ મારી, કથની જઇ કોને કહું ?
કાગળ લખ્યો પહોંચે નહીં, ફરિયાદ જઈ કોને કરૂ ?
તું મોક્ષની મોઝારમાં, હું દુઃખ ભર્યા સંસારમાં,
જરા સામું પણ જુઓ નહીં, તો કયાં જઇ કોને કહું ? .... ૫

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ૐ હ્રીં ક્લીં શ્રી પદ્માવતીદેવ્યૈ નમઃ



# પરમ પ્રભાવશાળી ભગવતી માતા શ્રી પદ્માવતી-દેવીની આરતી

( રાગ-જય જય આરતી આદિ જિણંદા )

દેવી પદ્માવતી આરતી તુમારી, મંગલકારી જગ જયકારી ...૧
પાર્શ્વપ્રભુ છે શિર પર તાહરે, ભક્તિ કરંતા ભક્તોને તારે...૨
ઉજ્જ્વલવર્ણી મૂર્તિ શું સોહે, નીરખી હરખી સહુ જન મોહે...૩
કુર્કુટ સર્પના વાહને બેઠી, ભદ્રાસનથી તું શોભે છે રૂડી ...૪
સપ્ત ફણા શોભે મનોહારી, નયન મનોહર પરિકર ધારી ...૫
કમલ પાશાંકુશ ફળ રૂડું સંગે, ચાર ભૂજામાં કલામય અંગે ૬...
વિવિધ સ્વરૂપે ભિન્ન ભિન્ન નામે, જગ સહુ પુજે ઇષ્ટ સિદ્ધિ કામે ૭
જૈનશાસનની છો રખવાલી, કાલિકાલે તું ઝાકઝમાલી ...૮
શ્રદ્ધા ભક્તિ પ્રેમના દોરે, અંતરથી તને બાંધી જોરે ...૯
તાહરી સેવાથી દુર્ગુણો જલશે તારી કૃપાથી સદ્‌ગુણો ખીલશે ૧૦
શીઘ્રફલા તું સંકટ ટાળે, વિઘ્ન વિહારે વાંછિત આલે ૧૧
તાહરા ચરણોમાં મસ્તક મારૂં, ઢાળી કરૂં પ્રાર્થના ચારૂ ....૧૨
ધરણેન્દ્ર દેવના દેવી છો ન્યારા, પાર્શ્વભક્તોના દુઃખ હરનારા ૧૩
મુંબઈ નગરી વાલકેશ્વર શિખરે, દર્શન કરતાં દુઃખ સહુ વિસરે ૧૪
[illegible] પ્રતાપી આશિષ દેજો, 'સુયશ' સિદ્ધિને મંગલ કરજો ૧૫

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

नमो अरिहंताणं

नमो सिध्धाणं

नमो आयरियाणं

नमो उवज्झायाणं

नमो लोए सत्वसाहूणं

एसो पंच नमुक्कारो

सत्वपावप्पणासणो

मंगल ... व्वेसि

पढ ... गल

Serving JinShasan
120150
gyanmandir@kobatirth.org

અરૂણોદય પ્રેસ, ખારગેટ, ભાવનગર. ફોન નં. ૨૪૯૮૫

For Private and Personal Use Only